# <u>રાજય પરીક્ષા બોર્ડ, સેકટર 21, ગાંધીનગર</u>

સુધારેલ જાહેરનામુ : રાપબો/**HTAT-** ૨૦૧૫ /૩૪૭૭-૩૫૭૬, તા.- ૪/૮/૨૦૧૫. **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી**

**Head Teacher Aptitude Test (HTAT)**

ક્રમાંક : રાપબો/**HTAT- ૨૦૧૫ /૧૪૭૯-૧૫૮૪,** તા.- ૦૫/૦૫/૨૦૧૫

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવક્રમાંક : પીઆરઈ-1111 2834-ક, તા.- ૧૮/૧/૨૦૧૨માં દર્શાવ્યા મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT)ની પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવા અધિકૃત કરવામાં આવેલ છે.

તદાનુસાર, પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકની ભરતી માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી Head Teacher Aptitude Test (HTAT) રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૫માં લેવા માટે નીચેની વિગતે આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડના આયોજન અને અમલીકરણ હેઠળ નક્કી કરેલ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંચાલન હેઠળ લેવામાં આવશે.

**<u>મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) નો કાર્યક્રમ</u>**

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડયા તારીખ | તા. ૫/૫/૨૦૧૫ |
| ૨ | સુધારેલ જાહેરનામું બહાર પાડયા તારીખ | તા. ૪/૮/૨૦૧૫ |
| ૩ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ | તા. ૭/૮/૨૦૧૫ |
| ૪ | ઉમેદવારો માટે HTAT નું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા. ૧૦/૮/૨૦૧૫ બપોરના ૦૨.૦૦ થી તા. ૧૯/૮/૨૦૧૫ બપોરના ૦૩.૦૦ કલાક સુધી |
| ૫ | કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસમાં ફી સ્વીકારવાનો સમયગાળો તેમજ **નેટબેકીંગ મારફત જાહેરાતનાં સમયગાળા સુધી** | તા. ૧૦/૮/૨૦૧૫ બપોરના 14-00 થી તા. ૨૦/૮/૨૦૧૫ સુધી (પોસ્ટ ઓફિસના કામકાજના સમય સુધી) (રજાના દિવસો સિવાય) |
| ૬ | હોલટિકીટ (પ્રવેશપત્ર) ojas ની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાનો સમય | તા. ૧૪/૯/૨૦૧૫ બપોરના ૨.૦૦ કલાકથી |
| ૭ | કસોટીની તારીખ અને સમય | તા. ૨૦/૯/૨૦૧૫ સમયઃ બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ |

## **HTAT સંબંધી જરૂરી અગત્યની માહિતી અને માર્ગદર્શક બાબતો**

## **વિભાગ - 1**

**ઓનલાઈન ફોર્મ ભરતાં પહેલાં :**

- ફોર્મ ભરવા માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઈટ પર તા.- ૧૦/૮/૨૦૧૫ બપોરના ૨-૦૦ થી તા.- ૧૯/૮/૨૦૧૫ (બપોરના ૩.૦૦ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે પોતાનો તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઈન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે.
- શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગતો :

  ૧. શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : પીઆરઆઈ/1111/૨834/ક,તારીખ 18/01/2012 તથા પીઆરઈ/1111/ સીંગલફાઈલ/3/ક, તા.18/01/2012 તેમજ પીઆરઈ/1111/ સીંગલફાઈલ/3/ક, તારીખ ૭/૮/૨૦૧૩ માં દર્શાવ્યા મુજબ રહેશે.

  - **પરીક્ષા ફી :**

    SC, ST, SEBC, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/– (બસો પચાસ પુરા) જ્યારે જનરલ કટેગરી માટેની પરીક્ષા ફી 350/– (ત્રણસો પચાસ પુરા)

  - **ફી સ્વીકાર કેન્દ્ર :**

    ૧. ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસો કામગીરી બજાવશે. ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસની યાદી રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ (http://gujarat-education.gov.in/seb/) પર દર્શાવેલ છે.

    ૨. ઉમેદવાર ઈ-બેકીંગ ઓનલાઈન ડેબીટ કાર્ડ દ્વારા અરજીના સમયગાળા દરમ્યાન ફી ભરી શકશે.

  - **કસોટી કેન્દ્ર :**

    પરીક્ષાનું સ્થળ અમદાવાદ, ભાવનગર, ગાંધીનગર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, સુરત, વડોદરા અને મહેસાણા કેન્દ્ર રહેશે.

  - **પ્રશ્નપત્રનું માધ્યમ**

    - પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

  - **અન્ય જરૂરી વિગતો :**

    - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર. તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ચાલુ નાણાકીય વર્ષનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન-ક્રીમીલેયર સર્ટી) સક્ષમ અધિકારીનું તા.- ૧/૪/૨૦૧૫ કે તે પછી ઈશ્યુ થયેલ પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
    - અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
    - શારિરીક અપંગતા (Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.

## ઓનલાઈન અરજી કરવાની રીત :

- આ જાહેરાતના સંદર્ભમાં રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૧૦/૮/૨૦૧૫ (બપોરના ૨.૦૦ કલાકથી) થી તા.૧૯/૮/૨૦૧૫ (બપોરના ૩.૦૦ કલાક સુધી) દરમ્યાન **http://ojas.guj.nic.in** પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ જાતે જ ચોક્સાઈ પુર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **http://ojas.guj.nic.in** પર જવું.
- ' Apply On line ' Click કરવું.
- 'Apply for HTAT – મૂખ્ય શિક્ષક અભિયોગ્યતા ઉપર Click કરવું.
- તેની નીચે Apply Now પર Click કરવાથી **Application Format** દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. ( અહીં લાલ (*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- **Personal Details** ભરાયા બાદ Educational Details ભરવા માટે **Educational Details** પર Click કરવું.
- **Educational Details** અને **Experience Details** ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે **Save** પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો **Application Number** Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં **Upload Photo** પર Click કરો. અહીં તમારો **Application Number** Type કરો અને તમારી **Birth Date** Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી **Photo** અને **Signature** upload કરવાના છે. (ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) **Photo** અને **Signature** upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીત સોફટકોપી માં હોવા જોઈએ. **Browse Button** પર Click કરો. હવે **Choose File** ના સ્કીનમાંથી જે ફાઈલમાં **JPG format** માં તમારો **Photo store** થયેલ છે તે ફાઈલને Select કરો અને **Open Button** ને Click કરો. હવે Browse Button ની બાજુમાં **Upload Button** પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.

- ૧. **Payment** ઉપર કિલક કરીને અરજીનંબર અને જન્મતારીખ નાંખીને ભારતીય પોસ્ટ ઓફીસ ની પે સ્લીપ (ચલણ) ડાઉનલોડ કરવું. આ પે સ્લીપથી પરીક્ષામાં ફીના ૩૫૦/- અથવા ૨૫૦/- ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરાઈઝડ ભારતીય પોસ્ટઓફિસમાં ભરવાના રહેશે. ઉપરાંત ભારતીય પોસ્ટઓફિસ દ્વારા પરીક્ષા ફી પેટેના સર્વિસ ચાર્જ સહિતના રૂપિયા ૧૨/-નો ચાર્જ ઉમેદવારે ભોગવવાનો રહેશે.

  ૨. ઉમેદવાર ઈ-બેન્કીંગ દ્વારા પણ ફી ઓનલાઈન બેંકમાં જમા કરી શકે તેવી સવલત અરજીપત્રક સાથે આપેલ છે. અરજી કરવાના સમયગાળા દરમ્યાન નેટ બેંકીગ દ્વારા ફી ભરી શકશે.
- હવે પેજના ઉપરના ભાગમાં **Confirm Application** પર Click કરો અને **Application Number** તથા **Birth Date** Type કર્યા બાદ **Ok** પર Click કરવાથી બે (2) બટન 1 : Application Preview 2. Confirm Application દેખાશે. ઉમેદવારે **Show Application Preview** પર **Click** કરી પોતાની અરજી જોઈ લેવી.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી **Confirm** કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. **પરંતુ <u>અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી.</u>** જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ **Confirm Application** પર click કરવું.
- **Confirm Application** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં **online** સ્વીકાર થઈ જશે. અહીં **Confirm Number Generate** થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. **Confirmation Number** સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહીં.
- Print Indian Post office Challan ઉપર કલીક કરીને Post office ના ચલણની પ્રિન્ટ કાઢવી.

**3. પરીક્ષા ફી** :

- SC, ST, SEBC, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/– (બસો પચાસ પુરા) જ્યારે જનરલ કેટેગરી માટેની પરીક્ષા ફી 350/– (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે.
- પે સ્લીપની ત્રણેય નકલ પર ભારતીય પોસ્ટ ઓફીસ સિકકો અને તારીખ નાખી આપશે. જેમાંની સ્લીપ ઉમેદવારને પોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે.

<u>ખાસ નોંધ:-</u>

- ✓ **ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક માહિતી, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.**

- ✓ **અનુભવની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. તેઓનો નિર્ણય જ અંતિમ રહેશે.**

## <u>માર્ગદર્શક સુચનાઓ</u>

- આ કસોટીમાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા 60 % (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે. જ્યારે અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને શારિરીક અપંગતા ( Physically Handicap) ના કિસ્સામાં ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- ઉમેદવારે વેબસાઈટ પર મુકવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ ડાઉનલોડ કરીને ઓનલાઈન સબમિશન (with scanning of color photograph) કરવાનું રહેશે. વેબસાઈટ પરથી મેળવેલ ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, સ્વપ્રમાણિત જાતિ અંગેનો દાખલો (જે ઉમેદવારો લાગુ પડતો હોય તે કિસ્સામાં) શારિરીક અપંગતા ( Physically Handicap) પ્રમાણપત્ર, પરીક્ષા ફીના નાણાં ભારતીય પોસ્ટ ઓફિસમાં પે સ્લીપથી ભરી હોય તેની નકલ સાથે પોતાની પાસે રાખવાનુ રહેશે, જ્યારે પણ કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે રજુ કરવાનું ફરજીયાત રહેશે. જેના વિના કોઈ રજુઆત ગ્રાહ્ય રહેશે નહીં.
- <u>કોઈપણ પ્રમાણપત્રોની નકલ સ્વિકાર કેન્દ્ર ઉપર આપવાની રહેતી નથી</u>, ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણ પત્ર ઓનલાઈન આપવાનુ રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો પણ લાગુ પાડવામાં આવશે.
- જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ મેળવેલ હશે તે અરજદારો પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ આ જ વેબસાઈટ પરથી પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખવાથી ડાઉનલોડ કરી શકાશે. તે અંગેની તારીખ વર્તમાનપત્ર અને વેબસાઈટ પર જણાવવામાં આવશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ પર જોતા રહેવું આવશ્યક છે.
- જે ઉમેદવારે ખોટી માહિતી આપી હશે તેવા ઉમેદવાર મેરીટમાં આવ્યા હશે તો પણ અયોગ્ય ગણાશે. રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા લેવાઈ રહેલ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- ઉમેદવાર જે જિલ્લામાંથી કસોટી આપવા માંગતા હોય તે જિલ્લાનું પરીક્ષા કેન્દ્ર ઓનલાઈન ફોર્મ સબમીટ કરતી વખતે દર્શાવવાનું રહેશે.
- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે / પાછળ આપેલી સૂચનાઓનો વિગવાર અભ્યાસ કરવો. તે જ રીતે પરીક્ષા વખતે આપવામાં આવનાર અને હોલ ટીકીટ વેબસાઈટ પર નમૂનારૂપે મૂકવામાં આવેલ OMR શીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઉભી ન થાય.
- ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન બોર્ડની કચેરીના ટોલફ્રી હેલ્પલાઈન નંબર **1800 233 7963** ઉપર સંપર્ક કરી શકાશે.
- આ કસોટી મુખ્ય શિક્ષકની નોકરી/બઢતી મેળવવા માટે જરૂરી લાયકાત માટેની છે. તેનાથી મુખ્યશિક્ષક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.

## <u>વિભાગ - II</u>

- <u>શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગતો</u> :

શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : પીઆરઆઈ/1111/2834/ક,તારીખ 18/01/2012 તેમજ પીઆરઈ/ 1111/ સીંગલફાઈલ/3 /ક, તા.18/01/2012માં દર્શાવ્યા મુજબ રહેશે.

➢ આ કસોટી <u>OMR</u> પધ્ધતિથી બે વિભાગમાં લેવામાં આવશે.

- Total 150 mcqs (Both sections 75-75 marks) 150 Marks contains. (Duration 120 Minutes)
- MCQ Multiple Choice Questions (બહુવિકલ્પ પસંદગી કસોટી).
- Only one OMR Sheet for the answer of 150 questions.
- Each MCQ carries One Marks. No negative marking system.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૪/૮/૨૦૧૫

(ઈ.પી.દેસાઈ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:</u>

- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી - તમામ.

<u>નકલ રવાના જાણ સારૂ :</u>

- માનનીય શિક્ષણમંત્રીશ્રીના - અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માનનીય રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના - અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી - તમામ.